અપીલ અરજી નં.૩૧૦ તા.૨૯–૧–૦૯

અરજદારઃ ડી સી. ભટ્ટ
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી સી. ભટ્ટની તા.૨૬–૧૨–૦૮ની અરજીથી પીઆરઓ/૯૯૬ તા.૨૨–૧૨–૦૮ થી મળેલ માહિતી અનુસાર (એ) ઉપર પ્રમાણે તથા બીજા કોઈ પેપરને તાકીદે આપવાની થાય તેને યોગ્ય રકમ નકકી કરી ફાળવવા મંજુરી મળવા સારું.(બી) સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૩૦–૯–૯૮ ના રોજ મળેલ સભામાં સર્વાનુમતે મંજુર થયેલ ઠરાવ નં.૧૫૧૬/૯૮ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૯–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૧૦/૨૦૦૮–૦૯

શ્રી ડી સી. ભટ્ટની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી પીઆરઓ/૯૯૬ તા.૨૨–૧૨–૦૮ થી મળેલ માહિતી અનુસાર (એ) ઉપર પ્રમાણે તથા બીજા કોઈ પેપરને તાકીદે આપવાની થાય તેને યોગ્ય રકમ નકકી કરી ફાળવવા મં જુરી મળવા સારું.(બી) સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના તા.૩૦–૯–૯૮ ના રોજ મળેલ સભામાં સર્વાનુમતે મંજુર થયેલ ઠરાવ નં.૧૫૧૬/૯૮ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે કોઈ જ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૪૩ તા.૩–૨–૦૯ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક)ને તથા અરજદારને પીઆરઓ/૯૯૬ તા.૨૨–૧૨–૦૮ થી ઉપભોગતા સમાચારને મળેલી માહિતીના અનુસારના પાના નં.૪ થી ૫ ની વિગતો અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ ના અપવાદ હેઠળ કોઈ અપવાદ જણાવેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૩–૨–૦૯ ના રોજ પીઆરઓ/૯૯૬ તથા ૧૧૪૩ ના પત્રની નકલ તથા અરજી ફી ભર્યાની રસીદ રજુ કરેલ છે.

અરજદારની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ પૈકી ડે.કમિશ્નર (૫અનેઈ) ના શેરા અનુસાર દીપાવલીની શુભેચ્છા જાહેરાતનો સમાવેશ અંગે તથા તા.૪–૯–૦૮ થી સ્વતંત્ર દિને તથા ઉપભોગતા સમાચાર પત્રની વર્ષગાંઠ નિમિતે જાહ ર ખબર આપવા કરેલા અરજી સંબધે નિર્ણય કે હુકમ થયો હોય તેની પ્રમાણિત નકલ તથા જાહેર ખબર બાબતે સદર વર્તમાન પત્ર બાબતે પક્ષપાતી વલણ અને તા.૧૮–૭–૦૮,તા.૪–૯–૦૮, તા.૧૪–૧૦–૦૮ અને તા.૧ ૫–૧૦–૦૮ ની અરજીઓ ધ્યાને ન લેવા અને જાહેરાત ન આપવા પાછળના કારણ અંગેની માહિતી માંગેલ છે. જે અરજદારને પુરી પડાયેલ જણાતી નથી. અરજદારના મુદ્દા નં.૨ અંગેની માહિતી નં.પીઆરઓ/૧૧૪૩ તા.૨૮–૧–૦૯ થી પુરી પડાયેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૩ થી ૫ ની નહીં પુરી પડાયેલ દફતરી હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ આરટીઆઈની કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે અરજદારને દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશ્નર (૫અનેઈ) જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી, જનસંપર્ક ..... જાણ તથા અમલ માટે
(૩)શ્રી ડી.સી.ભટ્ટ,